દાખલ તારીખ :- ૦૪/૦૭/૨૦૨૦

રજી. લીધા તારીખ:-૦૪/૦૭/૨૦૨૦

નિકાલ તારીખ :- ૦૯/૦૭/૨૦૨૦

**સમયગાળો :- વર્ષ માસ દિવસ**

**મે.ભચાઉના ૯ માં એડીશનલ સેસન્સ જજની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૫૭/૨૦૨૦**

**આંક :-**

**અરજદાર :** **બળુભા સાહેબજી સોઢા**

ઉ.વ. : ૪૦, ધંધો: -

રહેવાસી : પાવર હાઉસ, રાપર, તા.રાપર જી. કચ્છ

**વિરૂધ્ધ.**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ. શ્રી બી. બી. ઠાકોર**

**સામાવાળાના વિ. વ. શ્રી ડી.બી.જોગી**

**બાબત :-** <u>ક્રિ. પો. કોડ ની ક.૪૩૯ મુજબ રેગ્યુલર જામીન અરજ</u>

**-: ચુકાદો :-**

(૧) આરોપીને રાપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૯૯૩૦૧૦૨૦૦૪૦૬/ ૨૦૨૦, પ્રોહી. એકટની કલમ ૬૫(એફ) મુજબના ગુનાના કામે અટક કરી કોર્ટમાં રજુ કરતા જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ છે. જેથી આરોપીએ જામીન ઉપર જામીન મુકત થવા માટે અરજી ગુજારેલી, જે જયુ. મેજી. નાઓએ નામંજુર (રદ) કરતાં, આરોપીએ ક્રિ. પ્રો. કો. ની

કલમ ૪૩૯ મુજબ રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત થવા માટે હાલની અરજી ગુજારેલી છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ગુન્હા બાબતે કાઈ જાણતા નથી કે પ્રોહી. મુદામાલ અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ નથી. અરજદાર આરોપી નિર્દોષ છે અને આરોપીની ખોટી રીતે આ કામે સંડોવણી કરવામાં આવેલ છે. ફરીયાદ ખોટી અને ઉપજાવી કાઢેલ છે. આરોપી કયાંય નાશી કે ભાગી જાય તેમ નથી તથા તેઓ પોતાના પરીવારનુ ગુજરાન ચલાવે છે તથા આરોપી ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. જેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા હાલની અરજી ગુજારેલી છે.

(૨) આ કામે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખીક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કામે મુદામાલ કબજે કરેલાનુ પોલીસે જણાવેલ છે તે મુદામાલ અરજદાર પાસેથી કબજે કરવામાં આવેલ નથી, પોલીસે ખોટી રીતે આરોપીની ધરપકડ કરેલી છે. આરોપી ગરીબ છે અને તેના શીરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપી ટ્રાયલ સમયે હાજર મળી આવે તેમ છે. તેવા સંજોગોમાં શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા દલીલ કરેલી છે.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આરોપી સામેનો આ એક ગંભીર ગુનો છે અને પોલીસ સ્થળ ઉપર ગયેલી ત્યારે આરોપી આરોપીની સંડોવણીની તપાસ દરમ્યાન હકીકત ખુલેલી છે. આવા સંજોગોમાં ગુનાની તપાસ ચાલુ હોવાથી આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર (રદ) કરવા વિનંતી કરેલી છે.

(૪) આ કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લીધું તેમજ પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લીધી.

(૫) આ કામે એફ.આઈ.આર. તથા પોલીસ તપાસના કાગળોની વિગતો ધ્યાને લેવામાં

આવે તો, પોલીસને આરોપીના કસ્ટોડીયલ ઈન્વેસ્ટીગેશન માટેની કાયદેસરની વાજબી પુરતી તક અને સમય મળેલો છે. હાલના કેસની તપાસ આરોપી પુરતી પુરી થઈ ગયેલી હોય તેવુ તપાસના કાગળો જોતાં જણાય છે. આરોપી સામે ભુતકાળમાં આ જ પ્રકારના ગુના નોંધાયેલ હોવાનું ત.ક.અ.શ્રીએ સોગંદનામામાં જણાવેલ છે તેમજ કોઈ ગુનામા સજા થયેલી હોય તેવુ જાહેર થતુ નથી. તેવા સંજોગોમા જો આરોપીને કડક શરતોને આધીન જામીન ઉપર જામીન મુકત કરવામાં આવે અને આરોપીને પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવાની ચોકકસ સમય માટે ફરજ પાડવામાં આવે તો તેમાં ન્યાયની ગરીમા જળવાતી હોય તેવું સંજોગો જોતાં જણાય છે. આવા સંજોગોમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છું :

**:: હુકમ ::**

આથી ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૯ મુજબ આરોપીની રેગ્યુલર જામીન અરજી શરતોને આધીન મંજુર કરવામાં આવે છે.

આરોપીએ રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા નીચેની કોર્ટમાં આપ્યેથી આરોપીને રાપર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં. ૧૧૯૯૩૦૧ ૦૨૦૦૪૦૬/૨૦૨૦, પ્રોહી. એકટની કલમ ૬૫(એફ) મુજબના ગુનાના કામે શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧. આરોપી જયાં રહેવાના હોય તેનું સરનામુ જાહેર કરવું અને કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય પોતાનું સરનામુ બદલવું નહી.

૨. ફરીયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપવી નહી કે લોભ લાલચ આપી તોડવા ફોડવાનો પ્રયત્ન કરવો કરાવવો નહી.

૩. જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

૪. કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

૫. છ માસ સુધી આરોપીએ દર સોમવારે રાપર પોલીસ સ્ટેશનમા ક.૧૧–૦૦ થી ક. ૧૪–૦૦ વાગ્યા સુધીમા નિયમિત હાજરી પુરવાની રહેશે અને પોલીસે આ સમય પુરો થયેથી લાગુ કોર્ટને રીપોર્ટ કરવાનો રહેશે.

૬. આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો દિન સાતમાં કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો આરોપીએ પાસપોર્ટ ઓફીસમાંથી પાસપોર્ટ મેળવેલ નહી હોય તો તે અંગેનું વિગતવારનું ફોટાવાળું સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

૭. કોઈપણ શરતનો ભંગ થયે થી કે ભંગ થયાનું માલુમ પડે તેવા પ્રસંગે આરોપીના જામીન રદ આપોઆપ રદ થશે અને જામીનદારે જામીનગીરીની રકમ કોર્ટમા સરકાર ખાતે રોકડમા ભરવાની રહેશે.

આરોપીએ જામીન લાગુ કોર્ટમાં આપવા. આ હુકમની યાદી રાપર પોલીસ સ્ટેશને કરવી.

વધુમા એવો પણ હુકમ કરવામા આવે છે કે ૬–માસ સુધી આરોપીએ હાજરી પુરાવ્યા બાદ પોલીસે તેનો લેખીતમા રીપોર્ટ બિનચુક લાગુ કોર્ટને કરવો.

આ હુકમ આજરોજ તા.૯ મી, માહે–જુલાઈ, સને ૨૦૨૦ ના દિવસે અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૦૯/૦૭/૨૦૨૦
સ્થળ : ભચાઉ –કચ્છ

(એમ.એફ.ખત્રી)
૯ માં એડીશનલ સેસન્સ જજ,
ભચાઉ –જી.કચ્છ
જીજે૦૦૬૯૧